Monday
04.05.2026
✻Volume :10 ✻ Issue No.297
✻Email.: kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM | ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક | Daily

✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

# મે મહિનાની ગરમીની સ્થિતિ અંગે ગભરાવાની કોઈ જરૂર નથી; સામાન્ય સાવચેતીઓ અસરકારક રીતે પ્રભાવનું સંચાલન કરી શકે છે: ડો. જિતેન્દ્ર સિંહ

## કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે જનતાને હીટવેવની આગાહી પર બિનજરૂરી પ્રતિક્રિયાઓ ટાળવા વિનંતી કરી

### કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે ખેડૂતોને ગરમીની સ્થિતિ અનુસાર પ્રવૃત્તિઓનું આયોજન કરવાની સલાહ આપી; પ્રવર્તમાન સ્થિતિ રવી પાકની મોડી લણણી માટે સામાન્ય રીતે અનુકૂળ રહે છે

કમલમ્,

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી, પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને MoS PMO, પર્સનલ, જાહેર ફરિયાદ, પેન્શન, પરમાણુ ઊર્જા અને અવકાશ, ડો. જિતેન્દ્ર સિંહે આજે સામાન્ય જનતાને આશ્વાસન આપ્યું હતું કે મે મહિના દરમિયાન અનુમાનિત અથવા અપેક્ષિત ગરમીની સ્થિતિ અંગે ગભરાવાની કોઈ જરૂર નથી અને આગાહીને યોગ્ય રીતે સમજીને અને રોજિંદી સામાન્ય સાવચેતીઓનું પાલન કરીને કોઈપણ બિનજરૂરી પ્રતિક્રિયા ટાળી શકાય છે. પોતાની ઓફિસમાં મીડિયાને સંબોધતા ડો. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે જ્યારે અમુક પ્રદેશોમાં સામાન્ય કરતા વધુ તાપમાન અને હીટવેવની સ્થિતિ જોવા મળી શકે છે, ત્યારે આ આખા દેશમાં સમાન નથી અને સમયસર સજ્જતા અને ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (IMD) દ્વારા સમયાંતરે જારી કરવામાં આવતી એડવાઈઝરીના પાલન દ્વારા તેને અસરકારક રીતે સંચાલિત કરી શકાય છે. IMD દ્વારા જારી કરાયેલ નવીનતમ માસિક આઉટલુક અને વિસ્તૃત-શ્રેણીની આગાહીનો ઉલ્લેખ કરતા, મંત્રીએ કહ્યું કે દક્ષિણ દ્વીપકલ્પ ભારત, ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ ભારતના ભાગોમાં સામાન્ય કરતા વધુ મહત્તમ તાપમાન રહેવાની સંભાવના છે, જ્યારે દેશનો મોટો ભાગ મહિના દરમિયાન સામાન્યથી સામાન્ય કરતા ઓછું તાપમાન અનુભવે તેવી અપેક્ષા છે. અનેક પ્રદેશોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા વધુ રહેવાની શક્યતા છે. તેમણે ઉમેર્યું હતું કે આગાહી સૂચવે છે કે હિમાલયની તળેટી, ઓડિશા સહિત પૂર્વ કિનારાના ભાગો, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને અડીને આવેલા તમિલનાડુ તેમજ ગુજરાત અને મહારાષ્ટ્રમાં હીટવેવની સ્થિતિ અપેક્ષિત છે, આ પ્રદેશોમાં હીટવેવના દિવસોમાં સામાન્ય કરતા લગભગ ૨-૪ દિવસનો વધારો થશે. વિસ્તૃત શ્રેણીની આગાહી મુજબ, ડો. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, મે મહિનાના બીજા (૮-૧૪ મે) અને ચોથા (૨૨-૨૮ મે) અઠવાડિયા દરમિયાન પ્રમાણમાં ઊંચા તાપમાનની અપેક્ષા છે, જે ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ ભારતના ભાગો તેમજ પૂર્વ કિનારે હીટવેવની સ્થિતિ તરફ દોરી શકે છે. પ્રથમ અને ત્રીજા અઠવાડિયા (૧-૭ મે અને ૧૫-૨૧ મે) દરમિયાન, પશ્ચિમી વિક્ષોપ અને ગાજવીજ સાથે સંકળાયેલા વરસાદ અને વાદળછાયા વાતાવરણને કારણે દેશના મોટાભાગના ભાગોમાં સામાન્યથી સામાન્ય કરતા ઓછું તાપમાન રહેવાની શક્યતા છે. મંત્રીએ કહ્યું કે અમુક સમયગાળા દરમિયાન રાત્રિના ઊંચા તાપમાનથી ગરમીની સમસ્યા વધી શકે છે,

ખાસ કરીને શહેરી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં. પૂર્વ કિનારા, ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ ગરમ અને ભેજવાળા હવામાનની સંભાવના છે. વૈશ્વિક આબોહવાની સ્થિતિ પર, તેમણે કહ્યું કે ENSO-તટસ્થ સ્થિતિ હાલમાં પ્રવર્તી રહી છે, અને દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સીઝન દરમિયાન અલ નીનો સ્થિતિ વિકસિત થવાની સંભાવના છે. મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર ગરમી સંબંધિત પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને પીવાના પાણીની ઉપલબ્ધતા, કાર્યરત કુલિંગ વ્યવસ્થા અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે સંકલિત પ્રયાસો પર ભાર મૂક્યો હતો. શિશુઓ, વૃદ્ધો અને બહાર કામ કરતા કામદારો સહિત નબળા જૂથો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કૃષિના સંદર્ભમાં, મંત્રીએ જણાવ્યું હતું કે ઉત્તરીય અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં રવી પાકની મોડી લણણી માટે પ્રવર્તમાન પરિસ્થિતિઓ સામાન્ય રીતે અનુકૂળ રહે છે. જો કે, દક્ષિણ અને ઉત્તર-પૂર્વીય ભારતના ભાગોમાં સ્થાનિક ગરમીની તાણ (heat stress) થી ચોખા (બોરો), મકાઈ અને કઠોળ જેવા કેટલાક ઉનાળુ પાકને અસર થઈ શકે છે. ખેડૂતોને સવાર અને સાંજ દરમિયાન ખેતીકામ કરવા, હળવી અને વારંવાર પિયત આપવાની ખાતરી કરવા અને પશુધનના રક્ષણ માટેના પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે. સ્પષ્ટ જાહેર એડવાઈઝરી આપતા, ડો. જિતેન્દ્ર સિંહે નાગરિકોને હાઈડ્રેટેડ રહેવા, ગરમીના પીક કલાકો દરમિયાન લાંબા સમય સુધી બહાર નીકળવાનું ટાળવા અને તેમની આસપાસના નબળા વ્યક્તિઓની જરૂરિયાતો પ્રત્યે સજાગ રહેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે IMD ની દૈનિક અપડેટ્સ અને પ્રભાવ-આધારિત આગાહીઓનું પાલન કરવાથી આરોગ્યના કોઈપણ સંભવિત જોખમોને ઘટાડવામાં મદદ મળશે. મંત્રીએ કહ્યું કે ભારતની આગાહી કરવાની ક્ષમતામાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે ચેતવણીઓના વધુ સચોટ અને સમયસર પ્રસારને સક્ષમ બનાવે છે, જે અસરકારક પ્રતિભાવ અને જાહેર સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. હવામાનની અપડેટેડ માહિતી IMDની સત્તાવાર વેબસાઈટ (www.mausam.imd.gov.in), મૌસમ એપ સહિતની મોબાઈલ એપ્લિકેશન્સ, મૌસમગ્રામ પોર્ટલ અને વિવિધ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા ઉપલબ્ધ છે.



સરકારે IMD ના અંદાજને આધારે એડવાઈઝરી જારી કરી; જાગૃતિ, સજ્જતા અને જવાબદાર પ્રતિભાવ માટે આહવાન કર્યું

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-સુરતમાં રૂ.૩.૫૩ લાખ કરોડના ૨૭૯૨ એમ.ઓ.યુ. થયા: નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

## પ્રગતિશીલ વિચારધારા સાથે આગળ વધો, સરકાર તમને વિશ્વભરના બાયર્સ સુધી પહોંચાડવામાં અને જરૂરી વ્યવસ્થા પૂરી પાડવામાં સંપૂર્ણ મદદ કરશે; ઉદ્યોગકારો-રોકાણકારોને નાયબ મુખ્યમંત્રીશ્રીનું આહ્વાન




**નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી**

- સુરત ફર્સ્ટઇઝ થકી આગામી ત્રણ વર્ષમાં ૨.૮૨ લાખ યુવાનોને રોજગારી મળશે
- આદિજાતિ વિસ્તારોમાં નોન પોલ્યુટીંગ ઇન્ડસ્ટ્રીઝ અને ગાર્મેન્ટ સેક્ટરને સરકારનું પ્રોત્સાહનઃ આગામી બે વર્ષમાં આદિજાતિ વિસ્તારની ૨૫ હજારથી વધુ મહિલાઓને ઘરઆંગણે રોજગારી મળશે
- હવેથી રિજનલ કોન્ફરન્સમાં ઉદ્યોગકારોની સમસ્યાઓના સ્થળ પર નિરાકરણ માટે 'ઓપન ડોર મીટિંગ' યોજીશું: સરકારના જવાબદાર અધિકારીઓ સીધો સંવાદ કરશે

**કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાઃ-**

- ગુજરાત દેશનું ગ્લોબલી કનેક્ટેડ ઈકોનોમિક એન્જિનઃ વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સથી દક્ષિણ ગુજરાતના વિકાસને નવી ઊર્જા મળી
- આફતને અવસરમાં બદલી આત્મનિર્ભરતાની વ્યાખ્યા ગુજરાતે દેશને આપીઃ સુરત-ભરૂચ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે દેશભરમાં ઉભર્યા

કમલમ્, સુરત

સુરતની ઓરો યુનિવર્સિટીમાં તા.૧ અને ૨ મે દરમિયાન આયોજિત બે દિવસીય 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-દક્ષિણ ગુજરાત'નું આજે સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂ.૩,૫૩,૩૦૬ લાખ કરોડના ૨૭૯૨ એમ.ઓ.યુ. થયા હોવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જે.પી. નડ્ડાએ સમાપન સત્રમાં જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ દ્વારા દક્ષિણ ગુજરાતના વિકાસ માટે જે પાયો નંખાયો છે, તેનાથી આ પરિક્ષેત્ર આગામી સમયમાં મોટી આર્થિક છલાંગ લગાવવા તૈયાર થયો છે એમ જણાવી શ્રી નડ્ડાએ ગુજરાતની આર્થિકતાકાતને બિરદાવતા ઉમેર્યું કે, ગુજરાત દેશની કુલ જીડીપીમાં ૮% ફાળો આપે છે. મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૭%, મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટમાં ૨૭% અને દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાત ૪૦% હિસ્સો ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે માત્ર આર્થિક પ્રગતિ જ નથી કરી, પરંતુ સ્વબળે વિશ્વના એક સ્પર્ધાત્મક અને કનેક્ટેડ ઈકોનોમિક એન્જિન તરીકે પ્રસ્થાપિત કરી છે. નીતિ નિર્ધારકો હકારાત્મક નીતિઓથી મોટા બદલાવ લાવી શકે છે તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, અગાઉ ઉદ્યોગપતિઓ અને સરકાર વચ્ચે અંતર હતું, પરંતુ ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત'ની શરૂઆત કરીને ઉદ્યોગપતિઓ સાથે સંવાદ અને સહયોગની જે સંસ્કૃતિ વિકસાવી, તે આજે દેશના અન્ય રાજ્યો માટે પણ અનુકરણીય મોડેલ બની છે. આવા પ્રયાસોને કારણે જ આજે ભારત વિશ્વમાં રોકાણ માટે સૌથી વિશ્વસનીય સ્થાન બન્યું છે. દક્ષિણ ગુજરાતના સેક્ટરલ સ્ટ્રેન્થની ભૂમિકા આપતા શ્રી નડ્ડાએ કહ્યું કે, સુરતના ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી લઈને ભરૂચ-દહેજ-અંકલેશ્વરના કેમિકલ અને ફર્ટિલાઈઝર ઉદ્યોગો વૈશ્વિક હબ બન્યા છે. હવે ટેક્સટાઈલની સાથે ગાર્મેન્ટિંગ ઉદ્યોગને ટ્રાઈબલ વિસ્તારો સાથે જોડીને વિકાસના નવા દ્વાર ખોલવામાં આવી રહ્યા છે, જે સ્થાનિક ક્ષેત્ર અને રાજય સરકારની મોટી જીત ગણાશે. વૈશ્વિક અનિશ્ચિતતાઓના સમયમાં આત્મનિર્ભર બનવા અને મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવા પર ભાર મૂકતા શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, આફતને અવસરમાં બદલીને ગુજરાત જે રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગિફ્ટ સિટી અને હાઈ-સ્પીડ રેલ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા આગળ વધી રહ્યું છે, તે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પાયારૂપ બનશે એમ જણાવી ફર્સ્ટઇઝ ના આયોજન બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' દક્ષિણ ગુજરાતની ક્ષમતાને દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરનાર મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની છે. દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને રોજગારી સર્જન માટે આ બે દિવસીય કોન્ફરન્સ ઐતિહાસિક સાબિત થઈ છે. આગામી ત્રણ વર્ષમાં MoU મુજબ પ્રોજેક્ટ્સ કાર્યરત થવાથી દક્ષિણ ગુજરાતના ૨.૮૨ લાખથી વધુ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી પ્રાપ્ત થશે. શ્રી સંઘવીએ ગૌરવપૂર્વક જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઔદ્યોગિક શક્તિને વિશ્વ સમક્ષ મૂકવા 'વાઈબ્રન્ટ ગુજરાત'નો જે વિચાર વહેતો કર્યો હતો, તેના ફળસ્વરૂપે રાજ્યની જીડીપી ૧.૨૯ લાખ કરોડથી વધીને આજે ૨૭.૦૯ લાખ કરોડ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ વર્ષની આ મક્કમ વિકાસયાત્રામાં 'ટીમ ગુજરાત' અને રાજ્યના વેપારીઓએ અનેક મુશ્કેલીઓ છતાં ક્યારેય પીછેહઠ કરી નથી. શ્રી સંઘવીએ ઉમેર્યું કે, રાજ્ય સરકારની પ્રાથમિકતા માત્ર પ્રથમ હરોળના ઉદ્યોગપતિઓ પૂરતી સીમિત નથી, પરંતુ અંતિમ હરોળમાં બેઠેલા નાના વેપારીઓના સપના સાકાર કરવાની છે. વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સનો સીધો લાભ નાના ઉદ્યોગ સાહસિકોને મળે તે દિશામાં સરકાર કાર્યરત છે. તેમણે એક નવતર પહેલ કરતા જણાવ્યું કે હવેથી રિજનલ કોન્ફરન્સમાં માત્ર નવા રોકાણકારો જ નહીં, પરંતુ વર્તમાન ઉદ્યોગકારોની સમસ્યાઓના સ્થળ પર જ નિરાકરણ માટે 'ઓપન ડોર મીટિંગ'નું આયોજન કરવામાં આવશે, જ્યાં સરકારના જવાબદાર અધિકારીઓ સીધો સંવાદ કરશે. ઉદ્યોગ જગતને પ્રોત્સાહન આપવાની નીતિ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર ઈન્સેન્ટિવ ક્લિયરન્સની પ્રક્રિયામાં સતત ગતિ લાવી રહી છે. અગાઉ દરરોજ ૧૯૯ એપ્લિકેશન ક્લિયર થતી હતી, જે હવે બમણી થઈ છે, અને આગામી સમયમાં આ આંકડો ૫૦૦ ને પાર કરી જશે. વધુમાં, ડાંગ, તાપી, વલસાડ અને નવસારી જેવા આદિજાતિ વિસ્તારોમાં નોન પોલ્યુટીંગ ઈન્ડસ્ટ્રીઝ અને ગાર્મેન્ટ સેક્ટરને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેના કારણે આગામી બે વર્ષમાં આદિજાતિ વિસ્તારની ૨૫ હજાર થી વધુ મહિલાઓને ઘરઆંગણે રોજગારીની તકો ઉપલબ્ધ થશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગકારો-રોકાણકારોને 'પ્રગતિશીલ વિચારધારા સાથે આગળ વધો, સરકાર તમને વિશ્વભરના બાયર્સ સુધી પહોંચાડવામાં અને તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં સંપૂર્ણ મદદ કરશે' એવી ખાતરી આપી હતી. કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ અને મંથન ઉદ્યોગકારો માટે માર્ગદર્શક સાબિત થશે. ફર્સ્ટઇઝનું સમાપન થયું છે, પરંતુ તા.૫ મે સુધી આયોજિત એક્ઝિબિશન નિહાળવા વધુ ઔદ્યોગિક એકમો, ઉદ્યોગ સાહસિક યુવાનો અને નાગરિકોને આગામી તા. ૫મી સુધી ઔદ્યોગિક એક્ઝિબિશન નિહાળવાનો અનુરોધ કર્યો હતો. ગુજરાત પ્રદેશ સંગઠન પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, ૨૦૦૩ થી શરૂ થયેલી વાયબ્રન્ટ સમિટની આ યાત્રા આજે વર્ષ ૨૦૨૬ માં ટેલેન્ટ, ટેકનોલોજી અને ટ્રાન્સપરન્સીની પર્યાય બની છે. ગુજરાતના સમૃદ્ધ અને રચનાત્મક વિકાસમાં વાઈબ્રન્ટ સમિટની ખુબ મહત્વની ભૂમિકા છે. જેના કારણે ઈન્ડસ્ટ્રીઝ ગ્રોથ ઉત્તરોત્તર વધ્યો છે. આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાની છબી માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશવિદેશમાં ઉભી થઈ છે. વેપાર-ધંધા માટે વિશ્વસનીય સ્થળ તરીકે ગુજરાત ઉભરી રહ્યું છે. ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીઝ ફ્રેન્ડલી વાતાવરણ છે, જેના કારણે રોકાણ માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે. પ્રારંભે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્માએ સ્વાગત પ્રવચનમાં રિજનલ કોન્ફરન્સને ફળદાયી ગણાવતા કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં 'સ્કેલ અને સ્કીલ'ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો, યુવા સાહસિકોને મજબૂત મંચ પૂરો પાડવાનો સફળ પ્રયાસ થયો. અહીં બીટુબી, બીટુજી, રિવર્સ બાયર્સ સેલર્સ મીટ અને શ્રેણીબદ્ધ સેમિનારોથી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે. આ વેળાએ મંત્રીગણ અને મહાનુભાવોના હસ્તે વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ સ્ટ્રીઈ અને સ્ટ્રીસ્ઈ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું. ઓરો યુનિવર્સિટીના સંચાલકોનું આભાર સાથે બહુમાન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે દક્ષિણ ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા અને ફર્સ્ટઇઝના વિઝનને રજૂ કરતા વિશેષ સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, ઓરો યુનિ.ના સ્થાપક હસમુખ રામા, અગ્રણી લેબગ્રોન ઉદ્યોગકાર સ્મિત પટેલ, વેપાર-ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ, ઉચ્ચ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @ 2047'ના વિઝનને સાકાર કરવા ગુજરાત સજ્જ

### ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સના સુદ્રઢિકરણ માટે મહેસૂલ વિભાગ દ્વારા 'ચિંતન શિબિર-૨૦૨૬'નું આયોજન કરાયું: મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૫ થી ૭ મે, ૨૦૨૬ દરમિયાન અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગની ત્રિ-દિવસીય 'ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. "વિઝન ૨૦૩૦: ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સનું ભવિષ્ય" જેવી મહત્વકાંક્ષી થીમ પર આધારિત આ ચિંતન શિબિરમાં રાજ્યના વહીવટી માળખાને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મનોમંથન કરવામાં આવશે. મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વિષય તજજ્ઞો વિશેષ રીતે ઉપસ્થિત રહીને માર્ગદર્શન પૂરું પાડશે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત જ ૨૦૪૭''ના વિઝનને પરિપૂર્ણ કરવામાં ગુજરાત સૌથી મહત્વપૂર્ણ અને અગ્રીમ ભૂમિકા ભજવશે.

એટલા માટે જ, મુખ્યમંત્રીશ્રીએ "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"નો કાર્યમંત્ર આપ્યો છે. ગુજરાતને વિકસિત રાજ્ય બનાવવા માટે મહેસૂલ વિભાગનો રોડમેપ તૈયાર કરવામાં આ ચિંતન અગત્યની પુરવાર થશે. મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી મહિડાના દિશાનિર્દેશ હેઠળ આયોજિત આ શિબિરમાં મહેસૂલ વિભાગની વર્તમાન નીતિઓની સમીક્ષા અને વહીવટી પ્રક્રિયા પારદર્શક બનાવવા માટે વહીવટી અડચણોને દૂર કરવાની દિશામાં ચિંતન કરવામાં આવશે. ડિજિટલ ગવર્નન્સ દ્વારા નાગરિકોને અપાતી સેવાઓમાં વધુ પારદર્શિતા અને ઝડપ લાવવા પર ભાર મૂકવામાં આવશે. જમીન વહીવટમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેર વિશ્વાસ વધારવા માટે ચિંતન શિબિર એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, તેમ તેમણે જણાવ્યું હતું. ચિંતન શિબિર દરમિયાન વિવિધ મહત્વના વિષયો જેવા કે પેપરલેસ પ્રોપર્ટી રજીસ્ટ્રેશન, ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જનસેવામાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટેના પ્રયાસો, આવક રેકર્ડના ડિઝિટાઈજેશન અને અપડેશન વગેરે ઉપર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, જમીન માપણી (Survey/Re-survey) અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી બાબતોમાં આધુનિક વ્યૂહરચનાઓ ઘડવામાં આવશે. ચિંતન શિબિરમાં જિલ્લા કલેક્ટરો, પ્રાંત અધિકારીઓ સહિતના ક્ષેત્રિય અધિકારીઓ સહિત ISRO, BISAG-N, IIT, IIM, IGNOU, Survey of India સહિતના નિષ્ણાતો પણ સહભાગી થશે અને વિવિધ વિષયો પર ગ્રુપ ડિસ્કશન, કેસસ્ટડીઝ અને નિષ્ણાતોના વ્યાખ્યાનો દ્વારા જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવશે.

વિભાગ માટે જરુરી વહીવટી સુધારાઓ માટે અન્ય રાજ્યોના પ્રતિનિધિઓ અને કાયદાકીય નિષ્ણાતો સાથે પણ પરામર્શ કરી શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવામાં આવશે. મહેસૂલ વિભાગ દ્વારા અગાઉ યોજાયેલ એકશન સેમિનારમાં થયેલ ચર્ચાના વ્હાઈટ પેપર્સ અને તેના ઉપર થયેલ કાર્યવાહીની પણ ચર્ચા વિચારણા કરીને આ ચિંતન શિબિરના અંતે મહેસૂલ વિભાગ માટે એક સ્પષ્ટ અને અમલી બનાવી શકાય તેવો રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ ચિંતન શિબિરની પહેલથી રાજ્યના લેન્ડ ગવર્નન્સમાં ક્રાંતિકારી ફેરફારો આવશે અને નાગરિકકેન્દ્રી વહીવટ વધુ મજબૂત બનશે.

# સુરત ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ તેમજ વડાપ્રધાન શ્રી મોદીજીની અસરકારક વિદેશ નીતિના કારણે સુરતના ગારમેન્ટ એક્સપોર્ટ માટે નવા વૈશ્વિક બજારો ખુલ્યા છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને ગુજરાત સરકારની સમગ્ર ટીમ ગુજરાતી વિકાસયાત્રાને વેગ આપી આગળ વધારી રહી છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સુરત સ્થિત ઓરો યુનિવર્સિટી ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ- દક્ષિણ ગુજરાતના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત કરીને ગુજરાતને વૈશ્વિક રોકાણના નકશા પર સ્થાપિત કર્યું હતું અને છેલ્લા બે દાયકામાં ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ બન્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત એટલે ટેલેન્ટ, ટેક્નોલોજી અને ટ્રાન્સપરન્સી એમ ત્રણ આધારસ્તંભો પર ઉભેલું વિકાસ મોડલ. શ્રી વિશ્વકર્માએ આગળ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ ગુજરાતે 'વસુધૈવ કુટુંબકમ્– One Family, One Earth, One Future'ના મંત્રને સાર્થક કર્યો છે. એક સમય હતો જ્યારે દેશ માત્ર કૃષિ આધારિત અર્થતંત્ર સુધી મર્યાદિત હતો, પરંતુ આજે ઈન્ડસ્ટ્રીયલ, રૂરલ, મેડિકલ, ડિજિટલ, ટુરિઝમ, સ્પિરિચ્યુઅલ, બ્લૂ, ગ્રીન અને ઓરેન્જ અર્થતંત્ર જેવા વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત અગ્રેસર બની ગયું છે. ગુજરાતમાં પ્રો-એક્ટિવ પોલિસી, સિંગલ વિન્ડો સિસ્ટમ, મિનિમમ બેરિયર્સ, મજબૂત લોજિસ્ટિક્સ, ડિજિટલ ગવર્નન્સ અને ઈઝ ઓફ લિવિંગ જેવી સુવિધાઓને કારણે બિઝનેસ ફ્રેન્ડલી ઈકોસિસ્ટમ ઉભી થઈ છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે, ગુજરાત દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય છે, શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે અને ગૂડ ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ છે,જે વડાપ્રધાન શ્રી મોદીના દૂરંદેશી નેતૃત્વને આભારી છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને ગુજરાત સરકારની સમગ્ર ટીમ ગુજરાતી વિકાસયાત્રાને વેગ આપી આગળ વધારી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, દેશના GDPમાં આશરે ૮.૪% યોગદાન, ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮% હિસ્સો અને ભારતના કુલ નિકાસમાં ૩૩% ગુજરાતની ભાગીદારી છે. 254 GIDC, Fortune 500માં સ્થાન ધરાવતી ૧૦૦થી વધુ કંપનીઓ અને સેક્ટર-સ્પેસિફિક પોલિસીઓ ગુજરાતને ઉદ્યોગ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવે છે. પીનથી લઈને પ્લેન સુધીનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. તેમણે રાજ્યની મજબૂત કનેક્ટિવિટી, રોડ, રેલ, એર અને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કનો પણ ઉલ્લેખ કર્યો. સુરત અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે, ૧૬મી સદીનું સમૃદ્ધ બંદર આજે ૨૧મી સદીમાં વિશ્વપ્રસિદ્ધ 'સિલ્ક સિટી' અને 'ડાયમંડ સિટી' તરીકે ઉભરી આવ્યું છે. ૨૪૦ માર્કેટ્સ, ૭૦ હજારથી વધુ વેપારીઓ, ૧૮થી ૨૦ લાખ લોકોને રોજગારી અને દોઢ લાખ કરોડનું વાર્ષિક ટેક્સટાઈલ ટર્નઓવર સુરતની આર્થિક શક્તિ દર્શાવે છે. વિશ્વના ૩૦% કાપડ ઉત્પાદન અને ભારતના ૬૫% મેન-મેડ ફાઈબરનું ઉત્પાદન સુરત કરે છે. તેમણે ઉમેર્યું કે, દરરોજ આશરે ૬ કરોડ મીટર કાપડનું ઉત્પાદન થવું એ સુરતની વિશાળ ક્ષમતા દર્શાવે છે. ટેક્સટાઈલ પોલિસી હેઠળ મળેલી સહાય, ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ તેમજ વડાપ્રધાન શ્રી મોદીજીની અસરકારક વિદેશ નીતિના કારણે સુરતના ગારમેન્ટ એક્સપોર્ટ માટે નવા વૈશ્વિક બજારો ખુલ્યા છે. તેમણે જણાવ્યું કે, PM મિત્ર પાર્ક, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે, બુલેટ ટ્રેન અને ડાયમંડ બુર્સ જેવી પ્રોજેક્ટ્સ શહેરને નવી ઊંચાઈ પર લઈ જશે. સુરત આજે યુવાનો માટે 'ડ્રીમ સિટી' બની ગયું છે. દક્ષિણ ગુજરાતમાં જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ, કેમિકલ્સ, ટુરિઝમ, એગ્રો-પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં વિશાળ સંભાવનાઓ છે, સાથે જ ક્રુઝ ટુરિઝમ, પારસી હેરિટેજ સર્કિટ અને ઈકો-ટુરિઝમ વિકાસ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. અંતમાં શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ 'વોકલ ફોર લોકલ', 'પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન', 'PLI યોજના', 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ' જેવા પ્રયાસોથી ભારત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ભારત ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. તેમણે ગુણવત્તાયુક્ત જીવન, શિક્ષણ, ઉત્પાદન અને સર્જનાત્મકતા પર ભાર મૂકતા જણાવ્યું કે, દરેક ક્ષેત્રમાં ગુણવત્તા જ વિકાસનું સાચું માપદંડ છે. વાઈબ્રન્ટ ગુજરાત રીઝનલ સમિટના સમાપન સમારોહમાં કેન્દ્રીય મંત્રીશ્રી જે.પી.નડ્ડાજી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી કુંવરજી બાવળિયા, સબંધિત અધિકારીગણ તથા વેપાર-ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ તથા ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યાં હતાં

# ૬,૦૦૦ લોકોએ ભુજંગાસન કર્યું, એશિયા રેકોર્ડ સ્થાપ્યો; યોગ મહોત્સવ IDY 2026ના ૫૦-દિવસના કાઉન્ટડાઉન તરીકે ઉજવાયો

## યોગ મહોત્સવમાં વૈશ્વિક ભાગીદારી: આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ના ૫૦-દિવસના કાઉન્ટડાઉનમાં ૨૦+ રાષ્ટ્રો જોડાયા



કમલમ્,

હૈદરાબાદ, 'સિટી ઓફ પર્લ્સ', યોગની ભવ્ય ઉજવણીનું સાક્ષી બન્યું કારણ કે હજારો ઉત્સાહીઓ યોગ મહોત્સવ માટે એકઠા થયા હતા, જે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ના ૫૦-દિવસના કાઉન્ટડાઉન તરીકે ઉજવાયો હતો. આયુષ મંત્રાલય હેઠળની મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ દ્વારા આયોજિત આ કાર્યક્રમ શાંત આધ્યાત્મિક કેન્દ્ર, કાન્હા શાંતિ વનમ ખાતે યોજાયો હતો. કાન્હા શાંતિ વનમ ખાતે એકસાથે ૬,૦૦૦ થી વધુ સહભાગીઓએ ભુજંગાસન કર્યું, જેણે એક ઐતિહાસિક રેકોર્ડ સ્થાપ્યો અને એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થયો કારણ કે આ કાર્યક્રમે એકસાથે આસન કરનારા સૌથી મોટા મેળાવડા માટે એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આ યોગ દ્વારા પ્રોત્સાહિત સામૂહિક ભાગીદારી અને સહિયારી સુખાકારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા શ્રી રેડ્ડીએ જણાવ્યું હતું કે, "યોગ એ માત્ર ભારતનો પ્રાચીન વારસો નથી પરંતુ માનવતા માટે એક અમૂલ્ય ભેટ છે. આજે, વિશ્વભરના નેતાઓ, વ્યાવસાયિકો અને લોકો યોગનો અભ્યાસ કરે છે અને તેનાથી લાભ મેળવે છે." રાષ્ટ્ર નિર્માણમાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું, "ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બને તે માટે આપણે એક સ્વસ્થ, શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ સમાજનું નિર્માણ કરવું જોઈએ. યોગ તણાવ, બિનઆરોગ્યપ્રદ જીવનશૈલી અને પ્રદૂષણ જેવી આધુનિક સમયના પડકારો માટે વ્યવહારુ અને ખર્ચ-અસરકારક ઉકેલ પ્રદાન કરે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે હૈદરાબાદ, જે અગાઉથી જ નવીનતા અને ટેકનોલોજી માટે વૈશ્વિક સ્તરે ઓળખાય છે, તે યોગ અને સર્વગ્રાહી સુખાકારી (વેલનેસ) માટે વૈશ્વિક હબ તરીકે પણ ઉભરવું જોઈએ. સભાને સંબોધતા આયુષ મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રતાપરાવ જાધવએ જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, યોગ શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્પષ્ટતા અને ભાવનાત્મક સંતુલનને પ્રોત્સાહન આપતી સર્વગ્રાહી સુખાકારી માટે વૈશ્વિક ચળવળમાં વિકસિત થયો છે." વેલનેસ અને હેલ્થ ટૂરિઝમમાં ભારતની વધતી જતી ભૂમિકા પર ભાર મૂક્તા તેમણે કહ્યું કે યોગે વેલનેસ અને સર્વગ્રાહી હેલ્થકેર માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતની ઓળખને મજબૂત કરી છે. નવા લોન્ચ કરાયેલા 'યોગ ૩૬૫' અભિયાન પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું, "યોગ ૩૬૫ અભિયાન દ્વારા આયુષ મંત્રાલય, હેબિલ્ડ અને સ્કેલેરૂના સહયોગથી નાગરિકોને તેમના દૈનિક જીવનનો અભિન્ન અંગ બનાવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે." ૨૧ જૂન સુધી ૧૦૦-દિવસનો મફત યોગ તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે, જેમાં એક લાખથી વધુ વ્યક્તિઓની ભાગીદારીનો લક્ષ્યાંક છે અને યોગ મિત્ર પ્રમાણપત્ર આપવામાં આવશે. મંત્રીએ જાહેરાત કરી હતી કે આગામી યોગ મહોત્સવ, જે IDY 2026ના ૨૫-દિવસના કાઉન્ટડાઉન તરીકે ઉજવાશે, તે મધ્યપ્રદેશના ખજૂરાહો ખાતે આયોજિત કરવામાં આવશે, જે ભારતની સાંસ્કૃતિક વિરાસત, સ્થાપત્ય અને સુખાકારીની પરંપરાઓના સંગમનું પ્રતીક છે. મંત્રીએ જાપાનના ઓસાકામાં વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫ દરમિયાન છ મહિના સુધી યોગ સત્રો યોજવા માટે હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યુશન અને યોગ સર્ટિફિકેશન બોર્ડના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. આયુષ મંત્રાલયના સંયુક્ત સચિવ સુશ્રી મોનાલિસા ડેશએ હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યૂટના યોગદાનનો સ્વીકાર કર્યો અને જણાવ્યું કે, "કાન્હા શાંતિ વનમ તે શાંતિ અને સંતુલનને પ્રતિબિંબિત કરે છે જે યોગ કેળવવા માંગે છે. આ મેળાવડાનો ઉદ્દેશ્ય સ્વાસ્થ્ય અને એકતા તરફ દેશવ્યાપી ચળવળને પ્રજ્વલિત કરવાનો છે." આ કાર્યક્રમમાં હાર્ટફુલનેસના પ્રમુખ શ્રી કમલેશ ડી પટેલ (દાજી); લોકસભાના સંસદસભ્ય શ્રીમતી ડી. કે. અરુણા; આયુષ મંત્રાલયના સચિવ પદ્મશ્રી વૈદ્ય રાજેશ કોટેચા; તેમજ આયુષ મંત્રાલય, રાજ્ય વહીવટીતંત્ર અને અગ્રણી યોગ સંસ્થાઓના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોની ગરિમામય હાજરી જોવા મળી હતી. યોગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ કોમન યોગ પ્રોટોકોલ (CYP) નું સામૂહિક પ્રદર્શન હતું. આ સત્રનું નેતૃત્વ MDNIYના ડાયરેક્ટર પ્રો. (ડો.) કાશીનાથ સમાગંડી અને MDNIYના યોગ પ્રશિક્ષકોએ કર્યું હતું. CYP અભ્યાસ પછી, (દાજી) દ્વારા હાર્ટફુલનેસ મેડિટેશન સત્રનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૨૧ જૂને ઉજવવામાં આવનારા ઉ ૨૦૨૬ માટે દેશવ્યાપી તૈયારીઓમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. કાર્યક્રમના અન્ય આકર્ષણોમાં નાટ્યયોગ પ્રદર્શન અને કોરિયન ટીમ દ્વારા યોગ ફ્યુઝન પ્રસ્તુતિનો સમાવેશ થાય છે. કઝાકિસ્તાન, લેસોથો, બલ્ગેરિયા, ક્યુબા, નામિબિયા, યુનાઈટેડ કિંગડમ, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિત ૨૦ થી વધુ દેશોના દૂતાવાસો, કોન્સ્યુલેટ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના મહાનુભાવો અને પ્રતિનિધિઓએ આ ૫૦-દિવસના કાઉન્ટડાઉન કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જે યોગના વધતા વૈશ્વિક પદચિહ્નને પ્રતિબિંબિત કરે છે. કાન્હા શાંતિ વનમ ખાતેનો યોગ મહોત્સવ IDY 2026 પહેલા એક મહત્વપૂર્ણ પગલું છે, જે યોગ દ્વારા સર્વગ્રાહી સ્વાસ્થ્ય, સુખાકારી અને ટકાઉ જીવનને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે.

# INCOIS ને વર્ષ ૨૦૨૫ માટે સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર પ્રાપ્ત થયો



કમલમ્,

ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસીસ (INCOIS) એ ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળની એક સંસ્થા છે જે સમુદ્ર વિજ્ઞાન, સમુદ્ર અવલોકનો, સેટેલાઈટ ઓશનગ્રાફી અને ઓશન ઈન્ફોર્મેશન અને એડવાઈઝરી સર્વિસીસના ક્ષેત્રમાં વિવિધ પ્રયાસોનું સંશ્લેષણ, નિર્માણ, પ્રચાર, પ્રદાન અને સંકલન કરવાની કામગીરી કરે છે. નેશનલ સુનામી અર્લી વોર્નિંગ સેન્ટર, જે વિશ્વમાં શ્રેષ્ઠ સુનામી-ચેતવણી કેન્દ્ર તરીકે ઓળખાય છે તે પણ ESSO-INCOIS ખાતે સ્થાપિત છે અને IOC/UNESCO દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્ર માટે પ્રાદેશિક સુનામી ચેતવણી કેન્દ્ર તરીકે ઓળખવામાં આવ્યું છે. INCOIS આજે વર્ષ ૨૦૨૫ માટે પ્રતિષ્ઠિત સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર પ્રાપ્ત કરીને રોમાંચિત છે. આ પુરસ્કાર દર વર્ષે ૨૩ જાન્યુઆરીએ સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે જાહેર કરવામાં આવે છે, આ પુરસ્કાર આપત્તિ વ્યવસ્થાપનમાં અનુકરણીય યોગદાનને માન્યતા આપે છે. એવોર્ડ અર્પણ સમારોહ ૦૨ મે ૨૦૨૬ના રોજ NIDM, નવી દિલ્હી ખાતે વાર્ષિક રિલીફ કમિશનર કોન્ફરન્સ દરમિયાન યોજાયો હતો, જેમાં ૨૦૨૪, ૨૦૨૫ અને ૨૦૨૬ના એવોર્ડ વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા સેલ બ્રોડકાસ્ટ સિસ્ટમ (CBS) લોન્ચ કરવામાં આવી; કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલી સિસ્ટમ

## પ્રતિક્રિયાત્મકથી સક્રિયતા તરફ: ભારત સેલ બ્રોડકાસ્ટ સિસ્ટમ સાથે આપત્તિ પ્રતિભાવને મજબૂત બનાવે છે



કમલમ્,

કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) અને ગૃહ મંત્રાલય (MHA) ના સહયોગથી ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) હેઠળ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT) દ્વારા વિકસિત સ્વદેશી ટેકનોલોજી, સેલ બ્રોડકાસ્ટ સિસ્ટમ (CBS) લોન્ચ કરી. આ પહેલ ભારતની કટોકટી સંચાર પ્રણાલીને મજબૂત કરવા અને જાહેર સુરક્ષા માળખાને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. મંચ પર ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી ગોવિંદમોહન, કેન્દ્રીય ગૃહ સચિવ; શ્રી અમિત અગ્રવાલ, સચિવ (ટેલિકોમ); શ્રી પીયૂષ આનંદ, ડ્ઢ, NDRF; શ્રી મનીષ ભારદ્વાજ, સચિવ, NDMA; શ્રી અનુજ શર્મા, અધિક સચિવ, ગૃહ મંત્રાલય; અને શ્રી કૃષ્ણ વત્સ, સભ્ય, NDMA નો સમાવેશ થાય છે. ડ્ઢ, ગૃહ મંત્રાલય, NDMA અને C-DOT ની આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ પર બોલતા, કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, "સેલ બ્રોડકાસ્ટ સિસ્ટમનું લોન્ચિંગ ભારતના આપત્તિ વ્યવસ્થાપન માળખામાં એક પરિવર્તનકારી પગલું છે, જે નાગરિકોની સુરક્ષામાં પ્રતિક્રિયાત્મક (reactive) થી સક્રિય (pro-active) અભિગમ તરફના અમારા બદલાવને પ્રતિબિંબિત કરે છે. અદ્યતન ટેલિકોમ ટેકનોલોજીનો લાભ લઈને, CBS લાખો લોકો સુધી તરત જ પહોંચવા માટે નજીકના વાસ્તવિક સમયમાં (near real-time), જીઓ-ટાર્ગેટ એલર્ટ સક્ષમ કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ વ્યક્તિ પાછળ ન રહી જાય.

આ સ્વદેશી, વૈશ્વિક સ્તરે માપદંડ ધરાવતું સોલ્યુશન આપણી સજ્જતાને મજબૂત બનાવે છે, પ્રતિભાવક્ષમતામાં વધારો કરે છે અને સુરક્ષિત, વધુ સ્થિતિસ્થાપક ભારત બનાવવા માટેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે." કાર્યક્રમ દરમિયાન, ગૃહ મંત્રાલયના અધિક સચિવ શ્રી અનુજ શર્મા દ્વારા કેન્દ્રીય મંત્રીને આપત્તિ સજ્જતા અને NDMA ની ચાલુ પહેલો પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. સેલ બ્રોડકાસ્ટ સોલ્યુશન (CBS) એ ટેલિકોમ-સક્ષમ પબ્લિક વોર્નિંગ સિસ્ટમ છે જે સત્તાવાળાઓને નિર્ધારિત વિસ્તારની અંદર મોબાઈલ ઉપકરણો પર એકસાથે, જીઓ-ટાર્ગેટેડ ચેતવણીઓ પ્રસારિત કરવાની મંજૂરી આપે છે. CAP-આધારિત SACHET પ્લેટફોર્મ સાથે સંકલિત, તે ચેતવણીઓના ઝડપી અને પ્રમાણભૂત પ્રસાર માટે પરવાનગી આપે છે. તે પરંપરાગત SMS-આધારિત સિસ્ટમની મર્યાદાઓને દૂર કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે લક્ષિત વિસ્તારોમાં વિશાળ વસ્તીને ઝડપથી અને અસરકારક રીતે જટિલ માહિતી પ્રસારિત કરી શકાય છે. લોન્ચિંગના ભાગ રૂપે, આજે સિસ્ટમનું દેશવ્યાપી પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન દેશભરના મોબાઈલ ફોન પર કટોકટીની ચેતવણી સંદેશાઓ પ્રસારિત કરવામાં આવ્યા હતા, જેની સાથે એક વિશિષ્ટ એલર્ટ ટોન પણ વાગ્યો હતો. આ પ્રદર્શન આપત્તિઓ અને કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન ચેતવણીઓના સમયસર પ્રસારને સુનિશ્ચિત કરવામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં આપવામાં આવેલા અમૂલ્ય યોગદાન અને નિઃસ્વાર્થ સેવાને ઓળખીને, શ્રી સિંધિયાએ વ્યક્તિગત અને સંસ્થાઓ બંનેને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર (SCBAPP) પણ એનાયત કર્યા હતા. આ પ્રસંગે આપૃત્તિ વ્યવસ્થાપન પર માર્ગદર્શિકા (Guidelines) અને હેન્ડબુક પણ બહાર પાડવામાં આવી હતી. CBS ચોક્કસ જીઓ-ટાર્ગેટિંગ ક્ષમતાઓ પ્રદાન કરે છે, જે વ્યક્તિગત સેલ ટાવર્સ અથવા ક્લસ્ટર્સના સ્તરે ચેતવણીઓ પ્રસારિત કરવા માટે સક્ષમ બનાવે છે, જ્યારે મોટા ભૌગોલિક વિસ્તારોને આવરી લેવા માટે માપનીયતા (scalability) ની પણ મંજૂરી આપે છે. સંદેશાઓ નજીકના વાસ્તવિક સમયમાં પહોંચાડવામાં આવે છે, જે કોઈ પણ કતારના વિલંબ વિના સેકન્ડોમાં વપરાશકર્તાઓ સુધી પહોંચે છે. ઉચ્ચ વિશ્વસનીયતા માટે રચાયેલ, સિસ્ટમ નેટવર્ક ભીડથી અપ્રભાવિત રહે છે, જે જટિલ પરિસ્થિતિઓ દરમિયાન અવિરત સંચાર સુનિશ્ચિત કરે છે. તે લક્ષિત વિસ્તારની અંદર રોમિંગમાં હોય તેવા તમામ મોબાઈલ વપરાશકર્તાઓને આવરી લઈને સાર્વત્રિક પહોંચ પૂરી પાડે છે, અને આ ચેતવણીઓને વપરાશકર્તાઓ દ્વારા અક્ષમ (disable) કરી શકાતી નથી. વધુમાં, ચેતવણીઓ અગ્રતા સૂચનાઓ (prio®iy nOiifications) તરીકે વિતરિત કરવામાં આવે છે, જે વિશિષ્ટ મોટા અવાજો સાથે પોપ-અપ સંદેશાઓ તરીકે દેખાય છે, જેમાં સપોર્ટેડ મોબાઈલ હેન્ડસેટ પર સંદેશનો ટેક્સ્ટ મોટેથી વાંચવામાં આવે છે. સિસ્ટમ નજીકના વાસ્તવિક સમયમાં, બહુભાષી ચેતવણીઓ સક્ષમ કરે છે જે ફ્લેશ ફ્લડ (અચાનક આવતા પૂર) અને ગેસ લીકેજ જેવી આપત્તિઓમાં રક્ષણાત્મક કાર્યવાહી માટે નિર્ણાયક સમય પૂરો પાડે છે. ૨૮થી પરનેટવર્ક પર સપોર્ટેડ, તે શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરે છે, જેમાં લાસ્ટ-માઈલ અને રોમિંગ વસ્તીનો સમાવેશ થાય છે.

સીધા, સત્તાવાર સંચારને સક્ષમ કરીને, તે આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત બનાવે છે, ઝડપી પ્રતિભાવ આપે છે, ગભરાટ ઘટાડે છે અને જનતાનો વિશ્વાસ અને પાલન વધારે છે. CAP-આધારિત SACHET પ્લેટફોર્મ હેઠળ સેલ બ્રોડકાસ્ટ સોલ્યુશન (CBS) ના અખિલ ભારતીય પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે, જેમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તાલીમ આપવામાં આવી છે. આ સિસ્ટમ આપત્તિઓ દરમિયાન અસરકારક સાબિત થઈ છે, જે આંધ્રપ્રદેશ, ઓડિશા અને ઉત્તરાખંડમાં લાખો લોકો સુધી પહોંચી છે અને હવે તેનો ઉપયોગ ચારધામ યાત્રા માટે પણ કરવામાં આવી રહ્યો છે. C-DOT એ મોરેશિયસ, કંબોડિયા, અલ સાલ્વાડોર અને શ્રીલંકા જેવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું છે, જે સંયુક્ત રાષ્ટ્રની "Early Warnings for All" પહેલ સાથે સુસંગત છે.

# પ્રખ્યાત ગીતકાર અને સંચાર નિષ્ણાત શ્રી પ્રસૂન જોશી પ્રસાર ભારતીના અધ્યક્ષ તરીકે નિયુક્ત

### શ્રી પ્રસૂન જોશીની નિમણૂક "નવી ઊર્જા અને સર્જનાત્મક અવાજ" લાવશે: શ્રી અશ્વિની વૈષ્ણવ



કમલમ્,

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જાણીતા ગીતકાર, લેખક અને સંચાર નિષ્ણાત શ્રી પ્રસૂન જોશીની ભારતના જાહેર સેવા પ્રસારણકર્તા પ્રસાર ભારતીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરી છે. શ્રી જોશી સાહિત્ય, જાહેરાત, સિનેમા અને જાહેર સંચારમાં વ્યાપક યોગદાન આપનારા એક પ્રતિષ્ઠિત સર્જનાત્મક વ્યાવસાયિક છે. તેમના પ્રભાવશાળી લખાણ અને ઊંડી સાંસ્કૃતિક સંવેદનશીલતા માટે જાણીતા, તેમણે સમકાલીન ભારતીય મીડિયા નેરેટિવ્સ આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના કાર્યમાં વખાણાયેલા ફિલ્મી ગીતો, જાહેરાત ઝુંબેશ અને સામાજિક રીતે પડઘો પાડતી વાર્તા કહેવાનો સમજાવે છે જે દેશભરના વિવિધ પ્રેક્ષકો સાથે જોડાય છે. તેમની નિમણૂક પર, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "શ્રી પ્રસૂન જોશી જીને પ્રસાર ભારતી બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ મારી હાર્દિક અભિનંદન. પ્રસૂન જી એક દુર્લભ સર્જનાત્મક આત્મા છે જે જાહેરાત, સાહિત્ય, કલા અને સિનેમામાં વિશ્વભરમાં ઉજવવામાં આવે છે, છતાં તેમનું હૃદય સ્પષ્ટપણે ભારત માટે ધબકે છે. તેમના શબ્દોમાં આપણી માટીની સુગંધ છે અને તેમની દ્રષ્ટિ આપણી સંસ્કૃતિના કાલાતીત સારને પ્રતિબિંબિત કરે છે. તેમના નેતૃત્વ હેઠળ, પ્રસાર ભારતી નવી ઊર્જા, ઊંડો ઉદ્દેશ્ય અને નવો સર્જનાત્મક અવાજ શોધશે. તેમને આગામી યાદગાર અને અર્થપૂર્ણ કાર્યકાળ માટે મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ." આ નિમણૂક પહેલા, શ્રી જોશીએ ઓગસ્ટ ૨૦૧૭ થી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC), મુંબઈના અધ્યક્ષ તરીકે સેવા આપી છે જ્યાં તેમણે ફિલ્મ ઉદ્યોગના હિતધારકો સાથે જોડાતી વખતે ફિલ્મ પ્રમાણપત્ર પ્રક્રિયાઓને મજબૂત કરવામાં યોગદાન આપ્યું હતું. CBFC માં તેમનો કાર્યકાળ સર્જનાત્મક અભિવ્યક્તિ અને નિયમનકારી જવાબદારી પ્રત્યે સંતુલિત અભિગમ પ્રતિબિંબિત કરે છે. અગાઉ, તેમણે મેકકેન વર્લ્ડ ગ્રુપ ઈન્ડિયાના CEO અને મેકકેન વર્લ્ડ ગ્રુપ એશિયા પેસિફિક (મેકકેન એરિક્સનની પેટાકંપની) ના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી. તેઓ ૨૦૧૬ થી ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસના ટ્રસ્ટીઓમાંના એક પણ છે. સર્જનાત્મક ઉદ્યોગો અને જાહેર સંચારમાં તેમના વ્યાપક અનુભવ સાથે, શ્રી જોશી પ્રસાર ભારતીના નેતૃત્વમાં એક અનન્ય પરિપ્રેક્ષ્ય લાવે તેવી અપેક્ષા છે એવા સમયે જ્યારે જાહેર પ્રસારણ ઝડપી તકનીકી પરિવર્તન અને પ્રેક્ષકોની બદલાતી અપેક્ષાઓ સાથે આગળ વધી રહ્યું છે.

પ્રસાર ભારતી વિશે

- પ્રસાર ભારતી (બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) એક્ટ, ૧૯૯૦ હેઠળ સ્થપાયેલ અને ૧૯૯૭ થી કાર્યરત, પ્રસાર ભારતી ભારતનું વૈધાનિક સ્વાયત્ત જાહેર સેવા પ્રસારણકર્તા છે. તેમાં બે મુખ્ય વિભાગો છે:
- આકાશવાણી (AIR)–વિશ્વના સૌથી મોટા રેડિયો નેટવર્ક્સમાંનું એક, જે શહેરી અને ગ્રામીણ ભારતમાં લાખો લોકો સુધી બહુવિધ ભાષાઓ અને બોલીઓમાં પહોંચે છે.
- દૂરદર્શન (DD) – ભારતનું રાષ્ટ્રીય ટેલિવિઝન પ્રસારણકર્તા, જે સમાચાર, શિક્ષણ, મનોરંજન અને સાંસ્કૃતિક સામગ્રી સહિત પ્રોગ્રામિંગની વ્યાપક શ્રેણી પ્રદાન કરે છે.
- પ્રસાર ભારતીએ જાહેર પ્રસારણની ભાવનામાં ફ્રી-ટુ-એર OTT સેવાઓને મજબૂત કરવા માટે Waves OTT પ્લેટફોર્મ પણ લોન્ચ કર્યું છે.

પ્રસાર ભારતી માહિતીના પ્રસારમાં, રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવામાં, સાંસ્કૃતિક વારસાને જાળવવામાં અને સમગ્ર દેશમાં વિશ્વસનીય જાહેર પ્રસારણ સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વિશાળ પાર્થિવ (terrestrial) અને ડિજિટલ પદચિહ્ન સાથે, તે ડિજિટલ પ્લેટફોર્મ્સ, DTH સેવાઓ અને આર્કાઈવલ પહેલ દ્વારા તેની પહોંચને વિસ્તારવાનું ચાલુ રાખે છે.

